ફેક્ષ : (૦૨૬૧) ૨૪૫૧૯૩૫ / ૨૪૨૨૧૧૦
ફોન :(ઓ) ૦૨૬૧–૨૩૨૯૫૦૪

**વિવાદીઃ–** શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયા
**પ્રતિવાદીઃ–** ડેપ્યુટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, હાઈડ્રોલિક વિભાગ, સુરત મહાનગરપાલિકા

**વિષયઃ**–આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ અન્વયે અત્રેના ખાતાને તા.૧૯/૪/૧૪,નં.એચઈડી/ઈન/ ૦૮ થી મળેલ પ્રથમ અપીલ અરજી બાબત.

**સંદર્ભઃ**– (૧) અરજદાર શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયાની આઈ.ડી. નં.૨૫૮૪, તા.૦૪/૦૩/૧૪ ની આર.ટી.આઈ. એકટ હેઠળની અરજી.
(૨) ડેપ્યુટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીના ક્રમાકઃ એચઈડી/આ/૧૧. તા.૦૬/૦૫/૧૪ નો પત્ર.
(૩) તા.૧૯/૦૪/૧૪ નાર અરજદારશ્રીની અત્રેના ખાતાને મળેલ પ્રથમ અપીલ અરજી
(૪) ડેપ્યુટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીના ક્રમાકઃ એચઈડી/આ/૧૭. તા.૧૪/૦૫/૧૪ નો પત્ર.
(૫) ડેપ્યુટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીના ક્રમાકઃ એચઈડી/આ/૧૮/૧, તા.૨૬/૦૫/૧૪ નો પત્ર.

અરજદાર વિનોદ પ્રેમજીભાઈ કંટારીયાની સંદર્ભ(૧) હેઠળની આર.ટી.આઈ.હેઠળની અરજી સેન્ટ્રલ ઝોન મારફતે તેઓના પત્ર નં.સે.ઝોન/આરટીઅઈ/જા/૩૮૩૨, તા.૦૫–૦૩–૧૪ થી અત્રે મળેલ. ડેપ્યુટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીએ સંદર્ભ(૨) હેઠળના પત્રથી અરજદારને પ્રત્યુત્તર પાઠવેલ. જે માહિતી/જવાબથી નારાજ થઈ અરજદારે સંદર્ભ(૩) હેઠળના પત્રથી પ્રથમ અપીલ અરજી કરેલ. અરજદારની પ્રથમ અપીલ અરજી અન્વયે સંદર્ભ(૪) હેઠળના પત્રથી અરજદારને તા.૧૭/૦૫/૧૪ ના રોજ સાંજે ૪–૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ. પરંતુ, સદર દિને અરજદાર હાજર ન રહેતા ન્યાયના હિતમાં વધુ એક તક આપી સંદર્ભ(૫) હેઠળના પત્રથી તા.૦૪/૦૬/૧૪ ના રોજ રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.**

"નમુનો–ક (નિયમ–૫(૧)(ક)) રજુ કર્યાના ૩૦ દિવસમાં નમુના–'ખ' કે 'ગ' માં પ્રતિભાવ મળ્યો નથી"

(૨)

**હુકમઃ–**

આર.ટી.આઈ.–૨૦૦૫ ની કલમ–૧૨(૧) હેઠળની અપીલ અરજી અન્વયે અરજદાર શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયા તા.૧૭/૦૫/૧૪ તથા તા.૦૪/૦૬/૧૪ ના રોજ રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ ન હોય તેમજ અરજદારની આર.ટી.આઈ. એકટ હેઠળની અરજી અન્વયે માહિતી પાઠવેલ હોય, અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯(૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ, પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં.૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ સત્તાધિકારી અને**
**હાઈડ્રોલિક ઈજનેર,**
**સુરત મહાનગરપાલિકા**

ફેક્ષ : (૦૨૬૧) ૨૪૫૧૯૩૫ / ૨૪૨૨૧૧૦
ફોન :(ઓ) ૦૨૬૧–૨૩૨૯૫૦૪

**વિવાદી:–** શ્રી નરેશ નાનજીભાઈ બથવાર
**પ્રતિવાદી:–** ડેપ્યુટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, હાઈડ્રોલિક વિભાગ, સુરત મહાનગરપાલિકા

**વિષય:**–આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ અન્વયે અત્રેના ખાતાને તા.૦૬/૦૮/૧૪,ઈનવર્ડ નં.એચઈડી/ઈન/ ૬૬ થી મળેલ પ્રથમ અપીલ અરજી બાબત.

**સંદર્ભ:**– (૧) અરજદાર શ્રી નરેશ નાનજીભાઈ બથવારની આઈ.ડી. નં.૨૪૬,તા.૦૨/૦૮/૧૪ ની આર.ટી.આઈ. એકટ હેઠળની અરજી.
(૨) ડેપ્યુટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીના ક્રમાકઃ એચઈડી/આ/૪૮. તા.૦૮/૦૮/૧૪ નો પત્ર.
(૩) ડેપ્યુટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીના ક્રમાકઃ એચઈડી/આ/૫૩. તા.૧૪/૦૮/૧૪ નો પત્ર.
(૪) ડેપ્યુટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીના ક્રમાકઃ એચઈડી/આ/૬૨. તા.૦૩/૦૯/૧૪ નો પત્ર.
(૫) અરજદારશ્રીએ તા.૦૬/૦૮/૧૪ થી કરેલ પ્રથમ અપીલ અરજી.
(૬) અત્રેની કચેરીના ક્રમાકઃ એચઈડી/આ/૬૮, તા.૨૯/૦૯/૨૦૧૪ નો પત્ર.

અરજદાર શ્રી નરેશ નાનજીભાઈ બથવારની ઉપરોકત સંદર્ભ(૧) હેઠળની આર.ટી.આઈ.હેઠળની અરજી મધ્યસ્થ કચેરી મારફતે તેઓના પત્ર નં.સી./૧૫૯૪, તા.૦૨–૮–૧૪ થી અત્રે મળેલ. ડેપ્યુટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીએ સંદર્ભ(૨) હેઠળના પત્રથી વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગને લગતા મુદ્દાઓ માટે આંશીક તબદીલ કરવામાં આવેલ. અરજદારે આર.ટી.આઈ. એકટ હેઠળ માંગેલ જરૂરી પુરાવા અને દસ્તાવેજો માટે સંદર્ભ(૩) થી જણાવવામાં આવેલ. જે અનુસંધાને અરજદાર બી.પી.એલ. કાર્ડધારક હોવાની જાણ કરેલ. જે સંદર્ભે અત્રેથી સંદર્ભ(૪) ના હેઠળથી હાઈડ્રોલિક વિભાગને લગતા મુદ્દા નં.૧,૫,૬,૯ ની માહિતી આપેલ. જે માહિતી/જવાબથી નારાજ થઈ અરજદારે સંદર્ભ(૫) હેઠળના પત્રથી પ્રથમ અપીલ અરજી કરેલ. અરજદારની પ્રથમ અપીલ અરજી અન્વયે સંદર્ભ(૬) હેઠળના પત્રથી અરજદારને તા.૦૭/૧૦/૧૪ ના રોજ સાંજે ૩–૩૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.
**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.**

"બોગસ, અસત્ય, અપૂરતા અને અધુરા અને અયોગ્ય પ્રત્યુત્તર ડેપ્યુટી ઈજનેરશ્રી, હાઈડ્રોલિક વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રીએ ૩૦ દિવસની સમયમર્યાદા બાદ આપેલ હોવાથી "

(૨)

તા.૦૭/૧૦/૧૪ ના રોજ સાંજે ૩–૩૦ કલાકે અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તથા જાહેર માહિતી અધિકારી અપીલ અધિકારી સમક્ષ સુનાવણી દરમ્યાન હાજર રહેલ.

**<u>હુકમ:–</u>**

આર.ટી.આઈ.–૨૦૦૫ ની કલમ–૧૨(૧) હેઠળની અપીલ અરજી અન્વયે અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા સુનાવણી દરમ્યાન રૂબરૂમાં જરૂરી સંતોષકારક સમજ આપેલ હોય અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯(૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ, પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં.૧૮, ગાંધીનગર –૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ સત્તાધિકારી અને**
**હાઈડ્રોલિક ઈજનેર,**
**સુરત મહાનગરપાલિકા**

ફેક્ષ : (૦૨૬૧) ૨૪૫૧૯૩૫ / ૨૪૨૨૧૧૦
ફોન :(ઓ) ૦૨૬૧–૨૩૨૯૫૦૪

**વિવાદીઃ–** શ્રી જયસુખભાઈ નાનજીભાઈ ગજેરા
**પ્રતિવાદીઃ–** ડેપ્યુટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, હાઈડ્રોલિક વિભાગ, સુરત મહાનગરપાલિકા

**વિષયઃ–** આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ અન્વયે અત્રેના ખાતાને તા.૧૯/૫/૧૪, ઈનવર્ડ નં. એચઈડી/ઈન/૧૩ થી મળેલ પ્રથમ અપીલ અરજી બાબત.

**સંદર્ભઃ–** (૧) અરજદાર શ્રી જયસુખભાઈ નાનજીભાઈ ગજેરાની આઈ.ડી. નં.૬૧, તા.૧૦/૦૪/૧૪ ની આર.ટી.આઈ. એકટ હેઠળની અરજી.
(૨) ડેપ્યુટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીના ક્રમાકઃ એચઈડી/આ/૧૦. તા.૦૫/૦૫/૧૪ નો પત્ર.
(૩) અરજદારશ્રીએ તા.૧૯/૫/૧૪ થી કરેલ પ્રથમ અપીલ અરજી.
(૪) અત્રેની કચેરીના ક્રમાકઃ એચઈડી/આ/૧૯, તા.૨૬/૦૫/૨૦૧૪ નો પત્ર.

અરજદાર શ્રી જયસુખભાઈ નાનજીભાઈ ગજેરાની ઉપરોકત સંદર્ભ(૧) હેઠળની આર.ટી.આઈ.હેઠળની અરજી સેન્ટ્રલ ઝોન મારફતે તેઓના પત્ર નં.સે.ઝોન/આરટીઅઈ/જા/૮૫, તા.૧૧–૪–૧૪ થી અત્રે મળેલ. ડેપ્યુટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીએ સંદર્ભ(૨) હેઠળના પત્રથી અરજદારને પ્રત્યુત્તર પાઠવેલ. જે માહિતી/જવાબથી નારાજ થઈ અરજદારે સંદર્ભ(૩) હેઠળના પત્રથી પ્રથમ અપીલ અરજી કરેલ. અરજદારની પ્રથમ અપીલ અરજી અન્વયે સંદર્ભ(૪) હેઠળના પત્રથી અરજદારને તા.૩૦/૦૫/૧૪ ના રોજ સાંજે ૪–૩૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.**

"માંગવામાં આવેલ માહિતીને બદલે બિનજરૂરી માહિતી આપી ગેરમાર્ગે દોરવા તેમજ માહિતીથી વંચિત રાખવાનો હિન પ્રયાસ તેમજ માહિતી અધિકાર અધિનિયમનું અપમાન કરવા બાબતે તેમજ લાયસન્સ હોલ્ડરની ભુમિકા વિશે માહિતી મળેલ નથી."

તા.૩૦–૫–૧૪ ના રોજ સાંજે ૪–૩૦ કલાકે અરજદાર શ્રી જયસુખભાઈ નાનજીભાઈ ગજેરા તથા જાહેર માહિતી અધિકારી અને મદદનીશ જાહેર માહિતી અધિકારી, અપીલ અધિકારી સમક્ષ સુનાવણી દરમ્યાન હાજર રહેલ.



**સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીએ રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–**

અરજદાર તરફથી માંગવામાં આવેલ માહિતી અન્વયે અત્રેથી પાઠવવામાં આવેલ માહિતી બાબતે જરૂરી સંતોષકારક સમજ આપવામાં આવેલ.

**<u>હુકમઃ–</u>**

આર.ટી.આઈ.–૨૦૦૫ ની કલમ–૧૨(૧) હેઠળની અપીલ અરજી અન્વયે અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા સુનાવણી દરમ્યાન રૂબરૂમાં જરૂરી સંતોષકારક સમજ આપેલ હોય અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯(૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ, પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં.૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ સત્તાધિકારી અને**
**હાઈડ્રોલિક ઈજનેર,**
**સુરત મહાનગરપાલિકા**

ફેક્ષ : (૦૨૬૧) ૨૪૫૧૯૩૫ / ૨૪૨૨૧૧૦
ફોન :(ઓ) ૦૨૬૧–૨૩૨૯૫૦૪

અપીલ અરજી નં.–અ–૬૬૯૮/૨૦૧૫, તા.૩૦/૧૧/૨૦૧૫

અરજદાર ::– શ્રી નરેશભાઈ એન. બથવાર
સામાવાળા::– ડે.ઈજનેરશ્રી (હાઈડ્રોલિક) વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૦૩/૧૨/૧૪ (આઈ.ડી.નં.૫૪૫) ની આર.ટી.આઈ. એકટ હેઠળની અરજી મધ્યસ્થ કચેરીના પત્ર.નં.સી./૩૩૦૭ તા.૦૪/૧૨/૨૦૧૪ થી હાઈડ્રોલિક વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મળેલ હતી.સદર અરજીના મુદ્દાઓ બાબતે નમૂનો 'ક' માં કરેલ અરજી અન્વયે ડે.ઈજનેરશ્રી અને જુની.ઈજનેરશ્રી હાઈડ્રોલિક વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રીઓ તરફથી બોગસ માહિતી તથા આરટીઆઈ એકટ–૨૦૦૫ ના નમુના–ક ના ભંગ અને અનાદર કરેલ હોવાનું જણાવી નારાજ થઈ તા.૨૩/૧૨/૨૦૧૪ ના રોજ કમિશનરશ્રી અને સક્ષમ અધિકારીશ્રી ડ્રેનેજ અને હાઈડ્રોલિક વિભાગનાં કાર્યપાલક ઈજનેરોને ઉદ્દેશીને અપીલ અરજી કરેલ છે. જે અત્રેના વિભાગમાં તા.૨૪/૧૨/૨૦૧૪ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારે તેમની તા.૦૩/૧૨/૨૦૧૪ ની અરજી અન્વયે સને ૨૦૧૨ જાન્યુઆરીથી સને ૨૦૧૪ સુધીના બાંધકામને આપેલ નળ અને ગટર કનેકશનની મિલ્કતની નોંધ સાથે સાત ઝોનની માહિતીની યાદીની નકલ વિગેરે છ મુદ્દાઓની માહિતી માંગેલ હતી.

અરજદારની આરટીઆઈ એકટ અન્વયેની અરજી આઈ.ડી.નં.૫૪૫ થી તા.૦૩/૧૨/૨૦૧૪ ના રોજ કરેલ અરજીના મુદ્દાઓ અન્વયેની માહિતી હાઈડ્રોલિક વિભાગને સ્પર્શતી ન હોય અને જે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (તમામ ઝોન)તથા ડે.ઈજનેરશ્રી ડ્રેનેજ વિભાગ ને અરજીના મુદ્દાઓ લાગત જણાય છે તે ખાતા/ઝોન પ્રતિ અરજદારની અરજી અત્રેથી પત્ર નં.એચઈડી/આ.નં.૮૮ તા.૧૧/૧૨/૧૪ થી સંપૂર્ણ તબદીલ કરવામાં આવેલ હતી અને તે મુજબની જાણ અરજદાર મજકુરને કરવામાં આવી હતી. જે પ્રત્યુત્તરથી અરજદારે નારાજ થયેલ હોવાનું જણાવતાં તેઓને અત્રેના વિભાગ ખાતે ચોકકસ કયા પ્રકારની માહિતીની જરૂર છે તે સ્પષ્ટ જાણી શકાતું ન હોય તેમજ સદર અરજદાર બીપીએલ કાર્ડ ધારક હોઈ અને તેઓને હાઈડ્રોલિક વિભાગ મુખ્ય કચેરી અને સંબંધિત ઝોનોના પાણી વિભાગના કાર્યો/ કાર્યક્ષેત્રોની સમજ આપી શકાય તે હેતુથી અરજદાર મજકુરને અત્રેથી પત્ર નં.એચઈડી/આઉટ/૯૭ તા.૩૧/૧૨/૨૦૧૪ થી અપીલ અધિકારી અને હાઈડ્રોલિક ઈજનેરશ્રી સમક્ષ રૂબરૂ સુનાવણી અર્થે તા.૦૫/૦૧/૧૫ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ હતું, તે મુજબ અરજદાર ઉકત દિને રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેલ હતા.અપીલ તબકકે કરેલ રજુઆત મુજબ હાઈડ્રોલિક વિભાગ તરફથી આરટીઆઈની અરજીના મુદ્દાઓ પરત્વેની માહિતી પૂરી પાડવામાં આવે તેમ જણાવેલ હતું. જયારે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી હાઈડ્રોલિક વિભાગ તરફથી અરજદારે માંગેલ માહિતીના મુદ્દાઓ હાઈડ્રોલિક વિભાગને લાગત જણાતા ન હોય સદર અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (તમામ ઝોન)તથા ડે.ઈજનેરશ્રી ડ્રેનેજ વિભાગ ને તબદીલ કરવામાં આવેલ હોય અન્ય કોઈ માહિતી આપવાની બાકી રહેતી ન હોવાનું રૂબરૂમાં રજુઆત કરેલ છે જે ઉચીત જણાય છે. આથી સદર અપીલ પણ તબદીલ કરવાનું જરૂરી હોય અત્રેના પત્ર નં.એચઈડી/ આઉટ/ ૧૦૪ તા.૮–૧–૨૦૧૫ થી તમામ ઝોનમાં અપીલ તબદીલ કરવામાં આવેલ છે.

## –:: હુકમ ::–

અરજદારની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદાર ધ્વારા ઉપસ્થિત કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારીશ્રીનો પ્રત્યુત્તર ધ્વારા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

આરટીઆઈ એકટની કલમ–૨(એફ), ૨(જે) અને માહિતી અધિકારની વ્યાખ્યા મુજબ જાહેર સત્તામંડળ પાસેની તથા તેના નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની જોગવાઈ છે તે મુજબ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી હાઈડ્રોલિક વિભાગ ધ્વારા અરજદારને આરટીઆઈની અરજીના મુદ્દાઓ લાગત ન હોવાનું પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે તથા અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી હાઈડ્રોલિક વિભાગ ધ્વારા બીજી કોઈ વધારાની માહિતી અરજદારને પુરી પાડવાની રહેતી ન હોય તેઓની મુળ અરજી સંપૂર્ણ તબદીલ થયેલ હોય સદર અપીલ અરજી પણ તબદીલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ હોય તો, અપીલ હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર રાજય માહિતી આયોગને બીજી અપીલ કરી શકશો.

અપીલ અધિકારી અને હાઈડ્રોલિક ઈજનેર,
હાઈડ્રોલિક વિભાગ
સુરત મહાનગરપાલિકા.